## જાહેરાત

(બીજો પ્રયત્નઃ અનુસુચિત જનજાતિ/શારીરિક ક્ષતિ)

કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,બ્લોક નં.૮, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય,ગાંધીનગર હસ્તકની કચેરીમાં નીચે જણાવેલ વર્ગ–૩ની જગ્યાઓ પાંચ વર્ષના સમયગાળા માટે ફિકસ પગારના અજમયાશી તરીકે ભરવાની છે. નિમણૂંક મેળવવા ઈચ્છતા ઉમેદવારો પાસેથી નિયત કરેલ અરજીપત્રકમાં જરુરી શૈક્ષણિક લાયકાત સાથે કામકાજના સમય દરમ્યાનની છેલ્લી તારીખ ૩૧–૫–૨૦૧૧ સુધીમાં આ કચેરીને અરજી મોકલી આપવા જણાવવામાં આવે છે.

| ક્રમ નં | જગ્યાનુ નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત |
|---|---|---|---|---|---|
| | | | અ.જ.જા. | શા.ક્ષતિ | શા.ક્ષતિ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | નિમ્ન વૈજ્ઞાનિક મદદનીશ (ફાર્માસ્યુટીકલ કેમીસ્ટ્રી), વર્ગ–૩ | ૧૦ | ૭ | ૩ | ૧ |

નોંધઃ૧.જરુરી લાયકાતઃ **Possess a degree in Pharmacy(B.Pharm) of the University incorporated by an Act of the Central or State legislature in India or Other educational Institute established by an Act of Parliament or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956.**

૨.ઉપરની જાહેરાતના સંબંધમાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય)નિયમો–૧૯૬૭(૧)ના નિયમ–૮(૧–એ)ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટરનું બેઝીક નોલેજ ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તાઃ૧૩–૮–૨૦૦૮ના ઠરાવ સીઆરઆર–૧૦–૨૦૦૭– ૧૨૦૩૨૦– ગ–૫,સાથેના પત્રકમાં દર્શાવેલ અભ્યાસ ક્રમને કોમ્પ્યુટરના બેઝીક નોલેજ તરીકે જાહેર કરેલ છે. આ અભ્યાસ ક્રમ મુજબનું કોમ્પ્યુટર વિષય અંગેની જાણકારી અંગેનું કોઈપણ સંસ્થાનું પ્રમાણપત્ર માન્ય રહેશે. વધુમાં માન્ય યુનિવર્સિટી અથવા સરકાર ઘ્વારા માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીપ્લોમાં ડીગ્રી કે સર્ટિફિકેટ કોષ કરેલ હોઈ તો તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોઈ તો તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોઈ તેવા પ્રમાણપત્રો માન્ય રહેશે. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહી.

૩.ઉપરોકત જગ્યા માટે હલન ચલન વિકલાંગતા(**OL- One Leg**) ધરાવતા ઉમેદવારોએ અરજી કરવાની રહેશે. વિકલાંગ ઉમેદવારો કે જેઓ સામાન્ય માણસની જેમ ફરજ બજાવવા શકિતમાન હોઈ તેઓને સા.વ.વિ. ના તાઃ૧–૧૨–૨૦૦૮ના પરિપત્ર ક્રમાંકઃપરચ–૧૦૨૦૦૮–૪૬૯૫૪૦–ગ.રથી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડન્ટ/સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.

૪. પગાર ધોરણઃ–ઉમેદવારને ઉપરોકત જગ્યા માટે જગ્યાના ભરતી નિયમોની જોગવાઈઓ તથા સામાન્ય વહીવટ વિભાગના તાઃ૪–૬–૨૦૦૯ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર–૧૧–૨૦૦૮–૪૩૩૭૧–ગ.૫,થી સીધી ભરતીથી કરાર આધારીત ફીકસ પગારથી નિમણૂંક મેળવનાર ઉમેદવાર માટે બહાર પડાયેલ સેવાની શરતો અને બોલીઓ તથા ત્યારબાદ કરાયેલ સુધારા તેમાં કરાયેલ સુધારા વધારા અને હવે પછી બહાર પડનાર સુધારાઓને આધીન શરુઆતના તબક્કે રૂ.૬૦૦૦/– ના માસિક ફિકસ પગારથી પાંચ વર્ષ માટે નિમણૂંક આપવામાં આવશે. ઉમેદવારે પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ થયાની ખાતરી થયા બાદ ઉપરોકત જાહેરનામાની જોગવાઈઓને આધિન નિમ્ન વૈજ્ઞાનિક મદનીશ(ફાર્માસ્યુટીકલ કેમીસ્ટ્રી)ના પગાર ધોરણ રુ.૯૩૦૦–૩૪૮૦૦ વત્તા ગ્રેડ પે રુ.૪૪૦૦ના નિયમીત પગાર ધોરણમાં નિમણૂંક મળવાપાત્ર થશે.

૫.ઉંમરઃ–અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉંમર ૨૮ વર્ષથી વધુ નહિ. ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. ઉપલી વય મર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે જેમા, (૧)મુળ ગુજરાતના અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ફકત પુરુષ ઉમેદવારો પાંચ વર્ષ.(૨) બિન અનામત વર્ગોના મહિલા ઉમેદવાર પાંચ વર્ષ (૩)મુળ ગુજરાતના અ.જા. અને અ.જ.જા. અને સા.શૈ.પ.વર્ગના મહિલા ઉમેદવાર દશ વર્ષ.(આ છુટછાટમાં મહિલા માટેની છુટછાટ કે જે પાંચ વર્ષની તેનો પણ સમાવેશ થઈ જાય છે,)(૪)માજી સૈનિકો ઈ.સી.ઓ./એસ.એસ.સી.ઓ.સહિત લશ્કરમાં બજાવેલી સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ (૫) અશકત(**Disabled**) વ્યકિતઓ દશ વર્ષ.

૬.સામાન્ય શરતોઃ (૧)જાહેરાતમાં જે કક્ષાના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તેઓને ઉપલી વય મર્યાદા છુટછાટ મળશે. બધીજ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી ઉપલી વય મર્યાદામાં છુટછાટ મળશે. (૨) અનામત વર્ગના ઉમેદવારો જો બીન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને છુટછાટ મળશે નહી.(૩) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તાઃ૬–૨–૧૯૯૬ના ઠરાવથી નિયત કરેલ પરિશિષ્ટ–ક અરજી સાથે રજુ કરવાનુ રહેશે. પરિશિષ્ટ–ક તાઃ ૩૧–૩–૨૦૧૦ના રોજ પુરા થયેલ ૨૦૦૯–૨૦૧૦ના નાણાંકીય વર્ષની આવકને ઘ્યાને લઈને તાઃ ૧–૪–૨૦૧૦ના રોજથી તાઃ ૩૧–૫–૨૦૧૧ દરમ્યાન યોગ્ય સત્તાઅધિકારીએ આપેલ હોવુ જોઈએ. પરિશિષ્ટ–ક ના સ્થાને એનેક્ષર–એનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહિ. પરિણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેણીના માતા પિતાની આવકના આધારે રજુ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિકો ઈ.સી.ઓ./એસ.એસ.સી.ઓ.સહિત લશ્કરની સેવાઓમાં ઓછામાં ઓછી પાંચ વર્ષની ફરજ બજાવી હોય અને લશ્કરી સેવા માટે શારિરીક અશકતતાના કારણે બરતરફ કે છુટા કરવાના કારણસર મુદત પુરી થયેથી (જેમની મુદત ૬ મહિનામાં પુરી થવાની હોય તેઓ સહિત) છુટા થયેલ હોય તેઓને વય મર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે. (૫) મુળ ગુજરાતના અ.જા., અનુ.જનજાતિ અને સા.શૈ.૫.વર્ગના ઉમેદવારોને અનામત તરીકેના લાભ મળવાપાત્ર થશે. ઉમેદવારે અરજી પત્રકમાં કોઈપણ વિગત ખોટી બતાવી હશે તો તેમનું અરજી પત્રક કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે અને તેને લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તે ઉમેદવારી આપોઆપ રદ થશે. એક જાહેરાત માટે જો એકથી વધુ અરજી કરી હશે તો તેવા ઉમેદવારની એક પણ અરજી વિચારણમાં લેવામાં આવશે નહી. (૬) ગુજરાત સરકારના કર્મચારીઓ જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે પરંતુ તેની જાણ વિભાગ ખાતા/કચેરીને દિન–૭માં અચુક કરવાની રહેશે. જો ઉમેદવારના વિભાગ/ખાતા/કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહિ આપવાની આ કચેરીને જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામજૂંર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે. ૭. જરુરી લાયકાત મુજબની છેલ્લા વર્ષની માર્કશીટ , સ્કુલ લીવીગ સર્ટિફિકેટ ,જાતિ અંગેનુ પ્રમાણપત્ર , તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ(એક), રહેઠાણનો પુરાવાની પ્રમાણિત નકલ તથા અશકત(**Disabled**) વ્યકિતઓ નિયત થયેલ તબીબી પ્રમાણપત્ર તથા જે તે કેટેગરીના ઉમેદવારોએ જ્ઞાતિ અંગેના તમામ પ્રમાણપત્રો અરજી સાથે રજુ કરવાનું રહેશે.ઉપરોકત જગ્યાઓ પૈકી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર સ્ત્રી ઉમેદવારો માટે જગ્યા અનામત રહેશે તથા જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તેવી જગ્યા તેજ કક્ષાના પુરુષ ઉમેદવારને ફાળવી શકાશે .ઉપરોકત જગ્યા માટે નીચે જણાવેલ નમુના મુજબ અરજી કરવાની રહેશે તથા અરજીના કવર ઉપર જગ્યાનુ નામ દર્શાવવાનુ રહેશે. સમય મર્યાદા બહાર મળેલ અરજીઓ કોઈ પણ સંજોગોમાં ધ્યાનમાં લેવામાં આવશે નહી.

(અરજીનો નમુનો)

પ્રતિ,
કમિશનરશ્રી,ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,બ્લોક નં.૮, પ્રથમ માળ,ડાૅ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

૧. પુરુ નામ(અટક પહેલા લખવી) ( ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો)
૨. પત્રવ્યવહારનુ સરનામુ (રેહઠાણનો ફોન નં./ મોબાઈલ નંબર સહિત)
૩. કાયમી સરનામુ ૪ જન્મ તારીખ (આંકડા અને શબ્દોમાં) ૫. જાતિ (સ્ત્રી/ પુરુષ)
૬. જગ્યાનુ નામ
૭. બિન અનામત/ અનુ.જાતિ/ અનુ.જનજાતિ/સા.શૈ.૫./ શા.ખોડખાંપણ લાગુ પડતા સામે ( ) કરવુ.
૮. શૈક્ષણિક લાયકાતઃ

| ક્રમ | પાસ કરેલ પરીક્ષાનુ નામ | સંસ્થા/ યુની.નું નામ | પાસ કર્યાનું વર્ષ | છેલ્લા વર્ષની માર્કશીટ મુજબના કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકા |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | કોમ્પ્યુટરની લાયકાત અંગેની વિગત | | | | | |
| | | | | | | |

સ્થળ:ગાંધીનગર
તા:૧૩–૫–૨૦૧૧

સહી/–
કમિશનર
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર
ગુજરાત રાજય,ગાંધીનગર

(ઉમેદવારની સહી)